## સેન્ટ્રલ ગવર્નમેન્ટ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ કમ લેબર કોર્ટ નં.૧ સમક્ષ, સુરત

પરચુરણ અરજી(આઈ.ટી.સી.)નં.૦૯/૨૦૨૫
આંક–૧૬

અરજદાર :– ધી ડાયરેકટર,
સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી,
ઈચ્છાનાથ, સુરત(ગુજરાત).

::– વિ રૂ દ્ધ –::

સામાવાળા :– ધી સેક્રેટરી,
સુરત જીલ્લા ભારતીય મઝદુર સંઘ,
બી/૨૦૬, કેપિટલ કોમ્પ્લેક્ષ, પ્રતીક રો હાઉસની બાજુમાં,
હનીપાર્ક રોડ, અડાજણ,
સુરત (ગુજરાત).

બાબતઃ– વિલંબ માફ કરવા માટેની અરજી.

અરજદાર તરફે :– વિ.વ.શ્રી એ.પી. શાહ
સામાવાળા તરફે :– વિ.વ.શ્રી એમ.આઈ. શેખ

::– ચુ કા દો –::

**(૧)** અરજદારની હાલની અરજી, રેફરન્સ (સી.જી.આઈ.ટી.એ.) નં.૧૨૮/૨૦૧૩ ના કામે તા.૧૧/૦૪/૨૦૧૯ ના રોજ પસાર કરવામાં આવેલ એકતરફી એવોર્ડ ફરી ફાઈલે લેવા અરજી કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટેની છે. અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, યુનિયન ધ્વારા સદર એવોર્ડમાં આપવામાં આવેલ નિર્દેશનો અમલ કરવા માટે રજુઆત કરવામાં આવેલ ત્યારે સૌપ્રથમવાર અરજદારને સદર એવોર્ડ અંગે જાણ થયેલ છે. ત્યાર બાદ અરજદારે સદર એવોર્ડની પ્રમાણિત નકલ મેળવવા અરજી કરેલ અને તે તા.૧૭/૦૯/૨૦૧૯ ના રોજ મળેલ. ત્યાર બાદ સદર એવોર્ડ ઉચ્ચ સત્તાધિકારી સમક્ષ અભ્યાસ અને જરૂરી પગલાં લેવા સારું મુકવામાં આવેલ. આખરે એકતરફી પસાર કરવામાં આવેલ એવોર્ડને ફરી ફાઈલ અરજી દાખલ કરી પડકારવા નિર્ણય કરવામાં આવેલ. ફરી ફાઈલ અરજી તૈયાર કરવા માટે સ્થાનિક વકીલશ્રી ધ્વારા અમદાવાદ ખાતેના વકીલશ્રીનો સંપર્ક કરવામાં આવેલો

અને અમદાવાદ ખાતેના વકીલશ્રી સાથે મુલાકાતો કર્યા બાદ વકીલશ્રીને જરૂરી માહિતી પુરી પાડવામાં આવેલ અને ત્યારબાદ વકીલશ્રીએ ફરી ફાઈલ અરજી તૈયાર કરી મંજુરી અને સહી કરવા માટે અરજદારને મોકલેલ. અરજદાર સંસ્થા એમ.એચ.આર.ડી.(ભારત સરકાર) હેઠળ કામ કરતી સંસ્થા છે અને હાલમાં એમ.એચ.આર.ડી. નું નામ બદલી મીનીસ્ટ્રી ઓફ એજયુકેશન કરવામાં આવેલ છે અને ઉપરોકત કારણો અને કાર્યરીતિ અને વહીવટી કારણોસર અરજદાર સમયમર્યાદામાં અરજી દાખલ કરી શકેલ નહી. અમદાવાદ ખાતેના વકીલશ્રીએ તૈયાર કરેલ પરચુરણ અરજી તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજ અરજદારના સુરત ખાતેના વકીલશ્રીને મોકલી આપેલ અને ત્યાર બાદ તે અરજદારને મોકલવામાં આવેલ. આ દરમ્યાન કોવિડ–૧૯ ની મહામારીના કારણે લોકડાઉન થયેલ હોવાથી અરજદાર ફરી ફાઈલ અરજી દાખલ કરી શકેલ નહી. આ ઉપરાંત, અરજીની હકીકતો વંચાણે લેતાં, વર્ષ–૨૦૧૪ માં ૦૨ પ્રોફેસરો વિરુધ્ધ ખાતાકીય તપાસ કરવામાં આવેલ હોવાનું અને તેઓને તા.૦૧/૦૭/૨૦૧૯ ના રોજ સસ્પેન્ડ કરવામાં આવેલ હોવાનું તેમજ તે દરમ્યાન અરજદાર સંસ્થા પાસે કોઈ રેગ્યુલર રજીસ્ટ્રાર અને હાયર એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર ન હોવાનું તેમજ વર્ષ–૨૦૨૦ દરમ્યાન જોઈન્ટ રજીસ્ટ્રારની ભરતી કરતા તેઓ તા.૧૧/૦૨/૨૦૨૦ ના ફરજ પર જોડાયેલ હોવાનું જણાવેલ છે. આ ઉપરાંત, અરજી વંચાણે લેતાં, મૂળ રેફરન્સના કામે તેઓના વકીલશ્રીની ગેરહાજરી અને બેદરકારી અંગેની હકીકત જણાવેલ છે.

(૨) આ કામે સામાવાળાને હાલની અરજીની નોટીસ બજાવવામાં આવેલ છે. સામાવાળા આ કામે તેઓના વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને આંક–૬ થી વિલંબ માફની અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં અરજદારની અરજીની હકીકતોનો ઈન્કાર કરવામાં આવેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, અરજદારે જણાવેલ તમામ કારણો ગ્રાહય રાખી શકાય તેમ નથી અને તેનો તેઓ ઈન્કાર કરે છે. અરજદારના જણાવ્યા મુજબ તા.૧૭/૦૯/૨૦૧૯ ના રોજ તેઓને એવોર્ડ મળેલ છે અને હાલની અરજી તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ આશરે એક વર્ષ બાદ દાખલ કરેલ છે. કોવિડ–૧૯ ને લાગે વળગે છે ત્યાં સુધી તે માત્ર માર્ચ–૨૦૨૦ થી જૂન–૨૦૨૦ નો સમયગાળો છે. નામદાર સુપ્રિમ કોર્ટના માર્ગદર્શન પ્રમાણે પણ કોવિડ–૧૯ દરમ્યાન સમયમર્યાદા પૂર્ણ થયેલ હોય તો તે સમય માફ કરવાનો રહે છે. હાલના કેસમાં એવોર્ડની તારીખથી ૦૬ માસ બાદ કોવિડ–૧૯ ની સ્થિતિ આવેલ છે. ઔદ્યોગિક વિવાદ ધારા નિયમોના નિયમ–૧૭ મુજબ

એવોર્ડ પ્રસિધ્ધ થયાના ૩૦ દિવસ બાદ ઔદ્યોગિક અદાલત અક્ષમ થઈ જાય છે. અરજદારની અરજીમાં કોઈ પુરતું કારણ દર્શાવવામાં આવેલ નથી. શ્રમ આયુકતે પણ અરજદારને એવોર્ડના અમલ માટે પત્ર લખેલો. તેમ છતાં તે પત્ર ધ્યાને લેવામાં આવેલ નથી. મૂળ કામે સમગ્ર કાર્યવાહી દરમ્યાન અરજદારે સંપૂર્ણ બેદરકારી દાખવેલ છે.

(૩) અરજદાર તરફે વિ.વ.શ્રી એ.પી. શાહની દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં અરજીમાં જણાવેલ હકીકતો મુજબની દલીલ કરેલ છે અને અરજીના સમર્થનમાં રજુ કરેલ ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ઉપર ધ્યાન દોરેલ છે. અરજદાર તરફે મુખ્યત્વે એવી દલીલ છે કે, હાલની અરજી મૂળ રેફરન્સના કામે થયેલ એકતરફી એવોર્ડ રદ કરી ફરી ફાઈલે લેવા માટેની અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટેની છે. મૂળ રેફરન્સના કામે અરજદાર સંસ્થાના વકીલશ્રીની ગેરહાજરી અને નિષ્કાળજીના કારણે એકતરફી એવોર્ડ થયેલ છે. સંસ્થાના એડવોકેટની ભૂલ અને નિષ્કાળજીનો ભોગ પક્ષકાર બનવો જોઈએ નહી. મૂળ રેફરન્સના કામે સંબંધિત કર્મચારીઓ તરફે રજુ કરવામાં આવેલ સરતપાસના સોગંદનામાના દરેક પાના ઉપર સંસ્થાના ડાયરેકટરની સહી છે. સંસ્થાના ડાયરેકટરશ્રીએ તેવી કોઈ સહીઓ કરેલ નથી. સોગંદનામાના દરેક પાના ઉપરની ડાયરેકટરશ્રીની સહી ગેરરીતિ અને બનાવટ છે અને તે રીતે એકતરફી એવોર્ડ મેળવેલ છે અને તે પ્રથમથી જ રદબાતલ છે. જયારે ગેરરીતિ અને બનાવટ આચરવામાં આવેલ હોય ત્યારે તેવા કારણસર વિલંબ માફ થવા પાત્ર બને છે. અરજદાર સંસ્થાનું કાર્ય એજયુકેશન અને રીસર્ચનું છે તેમજ અરજદાર સંસ્થાનું મોટું એડમીનીસ્ટ્રેશન છે અને તેમાં ઘણાં ડિપાર્ટમેન્ટ આવેલા છે. જેથી એકતરફી એવોર્ડની નકલ મળ્યા બાદ જરૂરી કાર્યવાહી માટે સમય પસાર થયેલ છે. તે દરમ્યાન સંસ્થામાં રેગ્યુલર અધિકારી ન હોવાથી વિલંબ થયેલ છે. એકતરફી એવોર્ડની નકલ મળ્યા બાદ તે અંગે કાર્યવાહી કરવા અંગેના નિર્ણય માટે વહીવટી કારણોસર સમય પસાર થયેલ છે અને તે ગાળા દરમ્યાન કોરોના મહામારીનો સમય આવી જવાથી અરજી દાખલ થઈ શકેલ નહી. અરજી મોડી દાખલ કરવા અંગે સંસ્થાનો કોઈ બદઈરાદો નથી. પક્ષકારો વચ્ચેના વિવાદનું સ્વરૂપ ધ્યાને લેતાં, ગુણદોષ ઉપર નિર્ણય થાય તે માટે અરજદારને તક મળવી જોઈએ. આ તમામ હકીકતે વિલંબ માફની અરજી મંજુર કરવી જોઈએ.

(૪) સામાવાળા તરફે વિ.વ.શ્રી એમ.આઈ. શેખની દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં લેખિત જવાબમાં જણાવેલ હકીકતો મુજબની દલીલ કરેલ છે અને લેખિત જવાબની હકીકતના સમર્થનમાં રજુ કરેલ ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ઉપર ધ્યાન દોરેલ છે. સામાવાળા તરફે મુખ્યત્વે એવી દલીલ છે કે, અરજદારની વિલંબ માફની અરજીમાં કેટલો વિલંબ થયેલ છે તે જણાવેલ નથી જેથી અરજી નિરર્થક છે. વિલંબ માફની અરજી કયા કાયદા હેઠળ અને કઈ જોગવાઈ મુજબ કરેલ છે તે જણાવેલ નથી. મૂળ રેફરન્સ સેન્ટ્રલ ગવર્નમેન્ટ ધ્વારા રીફર થયેલ અને એવોર્ડ સેન્ટ્રલ ટ્રીબ્યુનલે કરેલ છે. સેન્ટ્રલ રૂલ્સ મુજબ એવોર્ડ પબ્લીકેશનથી ૨૦ દિવસ બાદ રેફરન્સ રીસ્ટોર થઈ શકે નહી. વિલંબ માફની અરજીમાં દર્શાવેલ કારણો પુરતા અને વાજબી નથી. વિલંબ માટે વહીવટી કારણો દર્શાવેલ છે અને સંસ્થાના બે અધિકારીને ખાતાકીય કાર્યવાહી કરી સસ્પેન્ડ કરેલ હોવાનું જણાવેલ છે, તો સંસ્થાના લીગલ ડિપાર્ટમેન્ટે તે કાર્યવાહી કરેલ છે અને આ કાર્યવાહી પણ તે જ કરી શકે. એવોર્ડની નકલ સંસ્થાને સમયસર મળી ગયેલ છે. સરતપાસના સોગંદનામા ઉપર દરેક પાને સંસ્થાના ડાયરેકટરની ખોટી સહી હોવા અંગેની કોઈ હકીકત આંક–૧ ની અરજીમાં જણાવેલ નથી. જેથી તેવી કોઈ હકીકત વિચારણામાં લઈ શકાય નહી. મૂળ રેફરન્સના કામે થયેલ એવોર્ડ એકતરફી નથી. એવોર્ડમાં વકીલની હાજરી દર્શાવેલ છે. ટ્રાયલ કોર્ટમાં પક્ષકારે હાજર રહેવાનું હોય છે. સંસ્થા તરફેની ગેરહાજરી સંસ્થાના અધિકારીની નિષ્કાળજી છે. સંસ્થા સામે કુલ ૧૮ કેસ ચાલતા હોવાની અને તેમાંથી ૦૮ કેસમાં ફરી ફાઈલે લેવાની કાર્યવાહી કરવાની જરૂર પડેલાની દલીલ છે. જે ઉપરથી સંસ્થાના વકીલ હાજર રહેતા હોવાનું સ્પષ્ટ થાય છે. મૂળ રેફરન્સના કામે થયેલ એવોર્ડ યોગ્ય નથી તેવી દલીલ કરવામાં આવેલ છે પરંતુ વિલંબ માફની અરજીનો નિર્ણય કરવા ગુણદોષ જોવાના નથી. સંસ્થાને તા.૧૭/૦૯/૨૦૧૯ ના રોજ એવોર્ડની નકલ મળ્યાનો કોઈ પુરાવો નથી. વિલંબ માફની અરજીના પેરા–૩ માં જણાવેલ હકીકતો અંગે ચોકકસ તારીખો દર્શાવેલ નથી. એવોર્ડ સામે કાર્યવાહી કરવા માટે સંસ્થામાં કરવામાં આવેલ વહીવટી કાર્યવાહી અંગેનો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વિલંબ માફની અરજીના પેરા–૫ માં બે પ્રોફેસર સંબંધી જણાવેલ હકીકતો એવોર્ડ થયાના અગાઉના સમયની છે. ૨૦૨૦ પહેલા એવોર્ડ સામે કાર્યવાહી કરવાનો નિર્ણય થઈ ગયેલ છે. આ તમામ હકીકતો ધ્યાને લેતાં,

વિલંબ માફની અરજીમાં જણાવેલ કારણો પુરતા અને વાજબી નથી. જેથી વિલંબ માફની અરજી રદ થવા પાત્ર છે.

**(૫)** અરજદારની વિલંબ માફની અરજીની હકીકતો વંચાણે લેતાં, મૂળ રેફરન્સના કામે તા.૧૧/૦૪/૨૦૧૯ ના રોજ પસાર કરવામાં આવેલ એવોર્ડ અંગેની સૌપ્રથમ જાણ સદર એવોર્ડમાં આપવામાં આવેલ નિર્દેશનો અમલ કરવા માટે યુનિયન ધ્વારા રજુઆત કરવામાં આવેલ ત્યારે થયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ યુનિયન ધ્વારા કઈ તારીખે રજુઆત કરવામાં આવેલ તે જણાવેલ નથી. આ સાથેની પરચુરણ અરજી (આઈ.ટી.સી.) નં.૦૮/૨૦૨૫ ના કામે સામાવાળા યુનિયન તરફે આંક–૧૩ ના લીસ્ટથી રેફરન્સ (સી.જી.આઈ.ટી.એ.) નં.૦૪/૨૦૧૩, રેફરન્સ (સી.જી.આઈ.ટી.એ.) નં.૭૦/૨૦૧૩, રેફરન્સ (સી.જી.આઈ.ટી.એ.) નં.૧૨૮/૨૦૧૩ નો અમલ કરવા અરજદાર સંસ્થાને તેની નકલો આપવામાં આવેલ તે રજુ કરવામાં આવેલ છે. જે ઉપર અરજદાર સંસ્થાનો ઈનવર્ડનો સિકકો છે અને ઈનવર્ડ થયા તા.૨૨/૦૮/૨૦૧૯ દર્શાવેલ છે. જેથી મૂળ રેફરન્સના એવોર્ડ અંગેની જાણ અરજદાર સંસ્થાને તા.૨૨/૦૮/૨૦૧૯ ના રોજ થયેલ હોવાનું સ્પષ્ટ થાય છે. અરજદારની વિલંબ માફની અરજીની હકીકતો વંચાણે લેતાં, મૂળ એવોર્ડની પ્રમાણિત નકલ મેળવવા અરજી કરેલ અને તે તા.૧૭/૦૯/૨૦૧૯ ના રોજ મળેલ હોવાનું જણાવેલ છે. પરંતુ પ્રમાણિત નકલ મેળવવા કઈ તારીખે અરજી કરેલ તે જણાવેલ નથી. અરજદાર તરફે રજુ થયેલ એવોર્ડની નકલ ઉપરથી પણ તે જાણી શકાતું નથી. જેથી પ્રમાણિત નકલ મેળવવા અરજી કર્યા તારીખથી પ્રમાણિત નકલ મળ્યા તારીખ સુધીના સમયની ગણતરી થઈ શકતી નથી અને તે સંજોગોમાં તેવો કોઈ સમય બાદ ગણવાનો અવકાશ રહેતો નથી. અરજદાર સંસ્થાએ વિલંબ માફની હાલની અરજી તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ દાખલ કરેલ છે. અરજદાર સંસ્થાને મૂળ રેફરન્સના એવોર્ડ અંગેની જાણ તા.૨૨/૦૮/૨૦૧૯ ના રોજ થયેલ છે. જેથી સદર એવોર્ડ ફરી ફાઈલે લેવા માટેની સમયમર્યાદા તા.૨૧/૦૯/૨૦૧૯ ના રોજ પુરી થયેલ છે. અરજદાર તરફે પરચુરણ અરજી નં.૨૧/૨૦૨૨, સુઓમોટો પીટીશન (સીવીલ) નં.૩/૨૦૨૦ ના કામના નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે. સદર ચુકાદા મુજબ કોરોના મહામારીના કારણે તા.૧૫/૦૩/૨૦૨૦ થી તા.૨૮/૦૨/૨૦૨૨ ના સમયગાળા વચ્ચે જે કોઈ કાર્યવાહી દાખલ કરવાની સમયમર્યાદા પૂર્ણ થયેલ હોય તેની સમયમર્યાદા તા.૦૧/૦૩/૨૦૨૨ થી શરૂ થવા અંગે ઠરાવવામાં આવેલ છે.

પરંતુ આ કામે આગળ ચર્ચા કર્યા મુજબ હાલની અપીલ દાખલ કરવા માટેની સમયમર્યાદા તા.૨૧/૦૯/૨૦૧૯ ના રોજ પૂર્ણ થઈ ગયેલ છે. જેથી નામદાર સુપ્રિમ કોર્ટનો ઉપરોકત ચુકાદો અરજદારને મદદરૂપ બનતો નથી. આમ, ઉપરોકત હકીકતે અરજદાર સંસ્થાને મૂળ રેફરન્સના એવોર્ડ અંગેની જાણ થયા તા.૨૨/૦૮/૨૦૧૯ ના રોજથી વિલંબ માફની અરજી દાખલ કર્યા તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ સુધી કુલ–૪૩૨ દિવસનો સમય પસાર થયેલ છે. જેમાંથી ફરી ફાઈલ અરજી દાખલ કરવા માટેના ૩૦ દિવસનો સમય બાદ કરતા કુલ–૪૦૨ દિવસનો વિલંબ થયેલ છે.

(૬) અરજદારની વિલંબ માફની અરજીની હકીકતો વંચાણે લેતાં, મૂળ રેફરન્સના એવોર્ડની નકલ તેઓને તા.૧૭/૦૯/૨૦૧૯ ના રોજ મળ્યા બાદ સદર એવોર્ડ ઉચ્ચ સત્તાધિકારી સમક્ષ અભ્યાસ અને જરૂરી પગલાં લેવા સારું મુકવામાં આવેલ અને સદર એવોર્ડને ફરી ફાઈલ અરજી દાખલ કરી પડકારવા નિર્ણય કરવામાં આવેલ અને તે અન્વયે અમદાવાદ ખાતેના વકીલશ્રીને જરૂરી માહિતી પુરી પાડવામાં આવેલ અને ત્યાર બાદ વકીલશ્રીએ ફરી ફાઈલ અરજી તૈયાર કરી મંજુરી અને સહી કરવા માટે અરજદાર સંસ્થાને મોકલેલ હોવાનું જણાવેલ છે. અરજદાર સંસ્થાના એડવોકેટશ્રીએ ફરી ફાઈલ અરજી સહી અને મંજુરી માટે કઈ તારીખે અરજદાર સંસ્થાને મોકલેલ તે જણાવેલ નથી. જેથી આ કાર્યવાહી ઓકટોબર–૨૦૧૯ માં પૂર્ણ થયેલ હોવાનું માનવાને સબળ કારણ રહે છે. ઉપરોકત હકીકતે અરજદાર સંસ્થાને મૂળ રેફરન્સના એવોર્ડની પ્રમાણિત નકલ તા.૧૭/૦૯/૨૦૧૯ ના રોજ મળ્યા બાદ તે જ અરસામાં મૂળ રેફરન્સ ફરી ફાઈલે લેવા માટેની અરજી કરવાનો નિર્ણય લઈ લેવામાં આવેલ છે અને તે અન્વયે અમદાવાદ ખાતેના તેઓના વકીલશ્રીએ ફરી ફાઈલ અરજી પણ તૈયાર કરી દીધેલ છે. તેમ છતાં, તે અરસામાં ફરી ફાઈલ અરજી દાખલ કરવામાં આવેલ નથી. અરજદારની વિલંબ માફની અરજીની હકીકતો વંચાણે લેતાં, અરજદારના વકીલશ્રીએ ફરી ફાઈલ અરજી તૈયાર કરી તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજ અરજદારના સુરત ખાતેના વકીલશ્રીને મંજુરી માટે મોકલેલ હોવાનું અને તે દરમ્યાન કોવિડ–૧૯ ની મહામારીના કારણે લોકડાઉન થયેલ હોવાથી ફરી ફાઈલ અરજી દાખલ કરી શકેલ ન હોવાનું જણાવેલ છે. પરંતુ આગળ ચર્ચા કર્યા મુજબ ફરી ફાઈલ અરજી ઓકટોબર–૨૦૧૯ માં તૈયાર થઈ ગયેલ હોવાનું માનવાને સબળ કારણ છે તેમજ મૂળ રેફરન્સના એવોર્ડની પ્રમાણિત નકલ મળ્યા

તા.૧૭/૦૯/૨૦૧૯ બાદ ફરી ફાઈલ અરજી કરવા અંગે લેવાયેલ નિર્ણય અંગે તેઓના એડવોકેટશ્રીને જરૂરી માહિતી પુરી પાડયા બાદ ફરી ફાઈલ અરજી તૈયાર કરવા માટે તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજ સુધીનો સમય પસાર થવા માટેનું કોઈ જ વાજબી કારણ નથી. જેથી અરજદાર તરફેની તેવી હકીકત લેશમાત્ર ગ્રાહય રાખવા પાત્ર નથી.

(૭) અરજદારની વિલંબ માફની અરજીની હકીકતો વંચાણે લેતાં, વર્ષ–૨૦૧૪ ના સમયગાળામાં અરજદાર સંસ્થાના ૦૨ પ્રોફેસર જાતીય સતામણીના આરોપી બનેલ અને તેઓને સંસ્થા ધ્વારા ડીસમીસ કરવામાં આવેલ હોવાનું તેમજ વર્ષ–૨૦૨૦ દરમ્યાન જોઈન્ટ રજીસ્ટ્રારની ભરતી કરતા તેઓ તા.૧૧/૦૨/૨૦૨૦ ના રોજ ફરજ પર જોડાયેલ હોવાનું તેમજ તે સમયગાળા દરમ્યાન અરજદાર સંસ્થા પાસે કોઈ રેગ્યુલર રજીસ્ટ્રાર અને હાયર એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર ન હોવાનું જણાવેલ છે. પરંતુ આગળ ચર્ચા કર્યા મુજબ અરજદાર સંસ્થાને મૂળ રેફરન્સના એવોર્ડની પ્રમાણિત નકલ મળ્યા તા.૧૭/૦૯/૨૦૧૯ ના સમયગાળામાં મૂળ રેફરન્સ ફરી ફાઈલે લેવા માટે કાર્યવાહી કરવા અંગેનો નિર્ણય અને અમલ થઈ ગયેલ છે. જેથી અરજદાર સંસ્થા તરફેનું આ કારણ વિલંબ થવા માટેનું કારણ જ નથી.

(૮) આ કામે અરજદાર સંસ્થા તરફેની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, મૂળ રેફરન્સના કામે સંબંધિત કર્મચારીઓ તરફે દરેક પાના ઉપર અરજદાર સંસ્થાના ડાયરેકટરની સહીવાળા રજુ કરેલ સરતપાસના સોગંદનામા ફ્રોડ છે. પરંતુ અરજદાર સંસ્થાની વિલંબ માફની અરજીમાં તેવા ફ્રોડ અંગેનું કોઈ જ પક્ષનિવેદન નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પક્ષનિવેદન વગરનો મૌખિક કે દસ્તાવેજી પુરાવો વિચારણામાં લઈ શકાય નહી. જેથી અરજદાર સંસ્થા તરફેની તે દલીલ તેમજ તે સંબંધી રજુ કરેલ દસ્તાવેજી પુરાવો વિચારણામાં લઈ શકાય નહી. આ ઉપરાંત મૂળ રેફરન્સના કામે અરજદાર સંસ્થાના એડવોકેટની નિષ્કાળજી અને બેદરકારીના કારણે એકતરફી એવોર્ડ થયેલ છે અને એડવોકેટની નિષ્કાળજી અને બેદરકારીનો ભોગ પક્ષકાર ન બને તે જોવું જોઈએ તેવી અરજદાર સંસ્થા તરફે દલીલ કરવામાં આવેલ છે. અરજદાર તરફેની દલીલમાં જણાવેલ આ કારણ મૂળ રેફરન્સ ફરી ફાઈલ ઉપર લેવા માટે નિર્ણાયક કારણ બની શકે, પરંતુ હાલની વિલંબ માફની અરજીની હકીકતો ધ્યાને લેતાં, મૂળ રેફરન્સના એવોર્ડની જાણ

થયા બાદ પણ મૂળ રેફરન્સ ફરી ફાઈલે લેવા માટે અરજી કરવામાં અરજદાર સંસ્થાની નિષ્ક્રિયતા, બેદરકારી અને ઉદાસીનતા સ્પષ્ટ થાય છે. જેથી વિલંબ માફની અરજીના નિર્ણય અનુસંધાને અરજદાર તરફેની તેવી દલીલ ગ્રાહય રાખવા પાત્ર નથી.

**(૯)** અરજદાર તરફે વિલંબ માફ કરવા સંબંધી નીચે મુજબના ચુકાદાઓ રજુ કરવામાં આવેલ છે.

(૧) 1996 Law Suits (SC) 218 State of Haryana Vs. Chandra Mani

(૨) 1993 Law Suits (SC) 908 S P Chengalvaraya Naidu Vs. Jagannath

(૩) 2001 Law Suits (SC) 435 Commissioner of Customs Vs. Candid Enterprises

(૪) 1987 Law Suits (SC) 214 Collector, Land Acquisition, Anantnag Vs. MST Katiji

(૫) 1993 Law Suits (Guj) 387 Chhaga Ramabhai & Others Vs. Heirs of Chhotabhai & Another

(૬) 1998 Law Suits (SC) 872 N Balkrishnan Vs. M Krishnamurthy

(૭) 1993 Law Suits (Guj) 372 Patel Karshanbhai Dwarkadas Vs. State of Gujarat

(૮) 1981 Law Suits (SC) 256 Rafiq Vs. Munshilal

(૯) Misc. Appli. No.54/2023, Industrial Court, Surat, Rukshmani Syntex Pvt. Ltd. Vs. Shivkumar Dharmveer Prasad Yadav

(૧૦) 2023 Law Suits (SC) 723 Ashok Kumar Vs. New India Assurance Co. Ltd.

(૧૧) 1987 Law Suits (BOM) 428 Gaurishankar Vishwakarma Vs. Eagle Spring Industries Pvt. Ltd.

(૧૨) 2013 Law Suits (Guj) 720 Dakshin Gujarat Vij Company Ltd. Vs. Amardeep Association, Navsari & Ors.

(૧૩) 2018 Law Suits (SC) 622 Haryana Suraj Malting Ltd. Vs. Phool Chand

(૧૪) 2025 Live Law (SC) 339 Inder Singh Vs. State of Madhya Pradesh

અરજદાર તરફે રજુ થયેલ ઉપરોકત ચુકાદાઓ વંચાણે લેતાં, વિલંબ માફ કરવાની બાબતમાં સરકાર અને વ્યકિતગત વ્યકિતને એકસરખા આધાર ઉપર રાખી શકાય નહી તેમજ જયારે ફ્રોડ કરવામાં આવેલ હોય ત્યારે તેવી રીતે મેળવવામાં આવેલ હુકમ રદબાતલ છે તેમજ ફ્રોડ થયાનું જણાય ત્યારે વિલંબ માફ કરવા માટે કારણ રહે છે તેમજ સરકાર ઘ્વારા વિલંબ માફની અરજી કરવામાં આવેલ હોય ત્યારે બીજા પક્ષકાર જેવી જ સારવાર આપવી જોઈએ તેમજ વિલંબ માફ કરવા માટે પુરતું કારણ હોય અને વિલંબ પુરતી રીતે સમજાવેલો હોય ત્યારે વિલંબનો સમયગાળો મહત્વનો નથી તેમજ જો વિલંબ સંબંધિત પક્ષકારની સંપૂર્ણ નિષ્કાળજીના કારણે હોય અને તેનો યોગ્ય ખુલાસો કરવામાં આવેલ ન હોય તે સિવાય સામાન્ય રીતે વિલંબ માફ કરવો જોઈએ તેમજ વિલંબ માફી માટે "પુરતું કારણ" પ્રત્યેક કેસ માટે અલગ અલગ હોઈ શકે અને તે પ્રત્યેક કેસની હકીકતો અને સંજોગો ઉપર આધારિત છે.

**(૧૦)** સામાવાળા યુનિયન તરફે નીચે મુજબના ચુકાદાઓ રજુ કરવામાં આવેલ છે.

(૧) 2026 Law Suits (SC) 162 State of Odisha & Ors. Vs. Managing Committee of Namatara Girls High School

(૨) S.C.A. No.3856/2010 (HC) Bhartiya Karmchari Sangh Vs. Oil & Natural Gas Corporation & 3

(૩) R/S.C.A. No.16798/2022 (HC) Sureshbhai Manilal Patel & Ors. Vs. M/S Daman Ganga Nehar Peta Vibhag-11

(૪) LPA No.1180/2011 (HC) P N N International Vs. Premkumar Chotala & Ors.

(૫) 2004 Law Suits (SC) 1134 Shangham Tape Company Vs. Hans Raj

સામાવાળા તરફે રજુ થયેલ ઉપરોક્ત ચુકાદાઓ વંચાણે લેતાં, વિલંબ માફ કરવાનો દાવો હકક તરીકે કરી શકાય નહી. વિલંબ અંગેનું પુરતું કારણ હોવું જરૂરી છે. પુરતું કારણ દર્શાવવામાં આવે તો જ અદાલત વિલંબ માફ કરવાની વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરી શકે. વિલંબ માફ કરવા માટે પુરતું કારણ છે કે કેમ ? તેનો નિર્ણય પ્રત્યેક કેસની હકીકત અને સંજોગો ઉપર આધારિત છે. એવોર્ડ પ્રસિધ્ધ થયાના ૩૦ દિવસ પુરા થાય તે પહેલા એકતરફી એવોર્ડ રદ કરવા માટેની અરજી દાખલ કરવી પડે.

**(૧૧)** આ કામે પેરા–૫ થી ૮ માં ચર્ચા કર્યા મુજબ ૪૦૨ દિવસનો વિલંબ માફ કરવા માટે પુરતું કારણ નથી તેમજ મૂળ રેફરન્સના એવોર્ડની જાણ થયા બાદ ફરી ફાઈલ અરજી કરવામાં અરજદાર સંસ્થાની નિષ્ક્રિયતા, બેદરકારી અને ઉદાસીનતા સ્પષ્ટ થયેલ છે તેમજ ફ્રોડ અંગેની હકીકત પક્ષનિવેદન બહારની છે. જેથી અરજદારની વિલંબ માફની અરજી મંજુર કરવી યોગ્ય અને ન્યાયોચિત જણાતું ન હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

::– હુ ક મ –::

(૧) અરજદારની પરચુરણ અરજી (આઈ.ટી.સી.)નં.૦૯/૨૦૨૫ નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તા.૦૮મી મે–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
પ્રમુખ અધિકારી, સી.જી.આઈ.ટી. નં.૧ સુરત.
જજ કોડ : જીજે ૦૦૫૬૧

( સ્ટેનો– એસ.જી.ચૌધરી )